# રવીન્દ્રનાથ :
# ભારતીય સંસ્કૃતિના ઉદ્ગાતા

રવીન્દ્રનાથના વ્યક્તિત્વનાં અનેક સમૃદ્ધ પાસાં છે. તે મહાન દેશપ્રેમી, સુધારક, કેળવણીકાર, આંતરરાષ્ટ્રીયતાવાદી વિચારક છે. પણ એમનો સાચો અને પૂરો પરિચય કરાવે એવો શબ્દ તો છે કવિદ્રષ્ટા - Visionary. તે સાહિત્યપુરુષ તો હતા જ - વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં ખેડાણ કરી ઊંચી સિદ્ધિઓ હાંસલ કરી છે, પણ તેમની બહુમુખી સર્જકપ્રતિભા સાહિત્ય ઉપરાંત સંગીત અને ચિત્રકલાનાં ક્ષેત્રોમાંય પરિસ્ફુટ થયેલી છે. 1882માં પ્રથમ ઉલ્લેખ યોગ્ય કાવ્યસંગ્રહ ‘સંધ્યાગીત’થી શરૂ કરી 1942માં મરણોત્તર પ્રકાશન ‘શેષલેખા’ સુધી 49 જેટલા કાવ્યસંગ્રહોમાં કવિતા રવીન્દ્રનાથની ‘દીર્ઘકાળની પ્રેયસી’ બનીને રહી છે. માનવહૃદયની ભાગ્યે જ એવી કોઈ લાગણી હશે જેનો પ્રતિશબ્દ એમનાં કાવ્યોમાં ન ઊતર્યો હોય. સમગ્રપણે જોતાં ટાગોરની કવિતામાં ઉપનિષદની આધ્યાત્મિક ખોજ, સૌંદર્યની માવજત, વૈષ્ણવ કવિઓની રહસ્યભરી યોગઝંખના, બંગાળના મરમી બાઉલ, કવિઓનો દોસ્તભાવ વગેરે ઝિલાયું છે. એક આખીયે સંસ્કૃતિને જાણે પોતાનામાં સમાવી લેવાનું અને સૌંદર્યની પરિભાષામાં એનું હાર્દ પુનઃ પ્રકટ કરવાનું અહીં એક ઉત્તમ ઉદાહરણ મળે છે.

રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ થયો ત્યારે ભારત બ્રિટિશરોના શાસન હેઠળ હતું. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક યુગ હતો, છતાં ભારતદેશ રૂઢિઓ, અંધશ્રદ્ધા, જૂની પ્રણાલિકાઓથી ઘેરાયેલો હતો. જ્યારે તેમણે પૃથ્વી પરથી વિદાય લીધી ત્યારે ભારતની તાસીર પરિવર્તન પામી હતી, ભારતની પુનઃ શોધ - discovery અને આત્મસ્થાપના થઈ હતી. આ પરિવર્તનમાં અનેક પરિબળોએ કામ કર્યું હતું. વ્યક્તિગત રીતે જેમણે ભારતની સંસ્કૃત સર્જનાત્મક નિયતિ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો તેમાં સૌની મોખરે ગાંધીજી અને ટાગોર હતા.

અલબત્ત, 19મી સદીના પુનરુત્થાનમાં રાજા રામમોહનરાયથી શરૂ કરી અનેક મહાનુભાવો આ ઘડતરમાં કોઈ ને કોઈ રીતે પ્રાણસંચાર કરી રહ્યા હતા. છતાં ભારતના ઇતિહાસમાં ગાંધીજીનું પ્રદાન અનન્ય છે, ટાગોરનું પ્રદાન સૂક્ષ્મ અને ગહન છે. જે કામ રાજનીતિજ્ઞો નથી કરી શકતા તે કામ સર્જનાત્મક પ્રક્રિયાઓના ગુપ્ત અને સુપ્ત પ્રવાહોને ટાગોર ઊંડાણમાંથી બહાર લાવી વહેતા કરી ગયા છે. શિકાગોની જગતના ધર્મોની 1893ની પરિષદમાં વિવેકાનંદની ઝલક વર્તાય છે તેમ 1913માં નોબેલ પારિતોષિક પામતા ટાગોર હિંદને દુનિયાના સાંસ્કૃતિક નકશા પર મૂકી આપે છે.

પ્રાચીન ભારતની તપોવન સંસ્કૃતિનાં મૂલ્યો અને એ ચિરંતન મૂલ્યોની ખોજ એ તો આપણા મહાન કવિઓની પરંપરા છે. એમાં આવે વાલ્મીકિ, આવે વ્યાસ, પછી કાલિદાસ અને એ જ પરંપરામાં રવીન્દ્રનાથ. રવીન્દ્રનાથ આ ખોજની સર્જનાત્મક પ્રક્રિયામાં વારંવાર તપોવનના સમયમાં પહોંચી જાય છે, કાલિદાસના સમયમાં જવાની વાત તો તેમની 'સે કાલ' કવિતામાં તેમણે કહી છે : "આમિ જદિ જનમ નિતેમ કાલિદાસેર કાલે.' જો મેં કાલિદાસના સમયમાં જન્મ લીધો હોત તો... તો રાજા પાસેથી ઉજ્જયિનીના છેવાડાના ઉપવનથી ઘેરાયેલું ઘર માગી લેત. 'સ્વપ્ન' રચનામાં પણ કાલિદાસના એ સુવર્ણયુગમાં જવા ઝંખે છે. રવીન્દ્રનાથનું દર્શન આ પરંપરાનું દર્શન છે. ઉપરાંત, બ્રાહ્મસમાજી પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ પાસેથી એમની સાધના વારસામાં મળી હતી એ પણ સદ્ભાગ્ય હતું.

ભારતની ખોજની પ્રક્રિયા શરૂ થાય છે પરોક્ષ રીતે એમની કવિતામાંથી. રવીન્દ્રનાથ કવિ છે, પોતાને કાવ્યમાં પ્રકટ કરે છે, વિચારોમાં નહીં. આ રચનાઓ એટલે 1900ની સાલમાં પ્રકટ થયેલી 'કથા ઓ કાહિની'ની કવિતા. પ્રાચીન ભારતની તપોવન સંસ્કૃતિ વિશેના વિચારો, વિભાવનાઓ, વ્યવહારો તો પછી પ્રકટ થતા બે દીર્ઘ નિબંધોમાં વ્યક્ત થાય છે - એક તે 1909માં આવેલો નિબંધ 'તપોવન' અને બીજો તે 1912માં પ્રકટ થયેલો 'ભારતવર્ષેર ઇતિહાસધારા.'

'કાહિની'નાં સંવાદકાવ્યો દ્વારા કવિ દર્શાવવા માગે છે કે, માનવીના અંગત સંબંધોમાં ધર્મ કે કર્તવ્ય એ નિર્ણાયક તત્ત્વ છે. 'કર્ણ-કુન્તી સંવાદ'માં કુન્તી કર્ણને મળે છે. 'કૌન્તેય' એવું સંબોધન કરી પછી કુન્તી એક માતા તરીકે વિનવણીઓ કરે છે. રવીન્દ્રનાથનો કર્ણ આ માને પણ બધું અર્પી દેવા તૈયાર છે, કેવળ પોતાના પૌરુષ સિવાય, પોતાના ધર્મ સિવાય, બીજું બધું જ. તે જણાવે છે કે સૂતજનનીને છેહ દઈને

*'રાજજનની રે માતા બલિ, કુરુપતિ કાછે બદ્ધ*
*છિન્ન કરે ધાઈ દિ રાજસિંહાસને*
*તબે ધિક્ મોરે...'*

'વિદાય-અભિશાપ'માં વિદ્યા મેળવી લઈ વિદાય થતાં કચને દેવયાની રોષમાં કહે છે કે, વિદ્યા લેવા તો આવ્યો હતો ચતુરાઈથી, તો પછી 'કેનો કોરિલે હરણ આમાર હૃદય?' પોતે કૃતકાર્ય થઈ, મને થોડી કૃતજ્ઞતા આપીને ચાલી જાય છે? ત્યારે કચ જવાબ આપે છે કે,

*'હા અભિમાનિની નારી*
*સત્ય શુને કી હઈબે સુખ?*
*ધર્મ જાને, પ્રતારણા કરિ નાઈ.'*

પોતાના સ્વર્ગ પ્રત્યેના કર્તવ્યધર્મને પ્રાધાન્ય આપે છે. 'ગાંધારીર આવેદન'માં પાંડવોને દ્યૂતમાં હરાવી અરણ્યવાસ આપતા વિજયી દુર્યોધનના અધર્મને પિતા ધૃતરાષ્ટ્રનો પુત્રસ્નેહ સાથ આપે છે, પરંતુ ગાંધારી? તે તો દુર્યોધનને ત્યજી દેવા કહે છે :

*પાપેર સંઘર્ષે યાર*
*પડિ છે ભીષણ શાણ ધર્મેર કૃપાણે.*

આવા મૂઢને ત્યજી ધર્મને સાચવો:

*ધર્મ, નહે સંપદેર હેતુ*
*મહારાજ, નહે સે સુખેર સેતુ*
*ધર્મેઈ ધર્મેર શેષ.*

સત્યના હૃદયે કરેલા દર્શનમાંથી પ્રામાણ્ય મેળવતો પદાર્થ તે ધર્મ, ધર્મમાં જ ધર્મનો અંત છે. આમ આ સંવાદ-કાવ્યોમાં કર્તવ્યના મૂલ્યની સ્થાપના છે.

'કથા'નાં કાવ્યોમાં તેમણે ઉપનિષદમાંથી, બૌદ્ધ કથાઓમાંથી મધ્યકાલીન સંતોના જીવનમાંથી, મરાઠા અને રાજસ્થાનના ઇતિહાસમાંથી પ્રસંગો લીધા છે. વીરતા અને સ્વાર્પણની, ઉદારતા અને સમન્વયવાદિતાની આ કથાઓ ભારતના મૂલ્ય-આધારિત ભૂતકાળની કથાઓ છે, અને તે કવિની રાષ્ટ્રપ્રીતિને પરોક્ષ રીતે આલેખે છે : કવિએ તેમાં 'હૃદયનું ધર્મદર્શન' કરાવ્યું છે, તેમાં એમની ઉદાર હિંદુ જીવનદૃષ્ટિ - unity in diversity - બહુવિધતામાં એકતાની સાધના - રહેલી છે. 'બ્રાહ્મણ' શીર્ષક ધરાવતી ઔપનિષદિક કથામાં વાત તો કરવી છે સત્યની, પણ કેવી વિશિષ્ટરૂપે તે પ્રકટે છે! સત્યકામ જાબાલિની કથા આપણને ખૂબ પરિચિત છે, સત્યકામ જાબાલિ ગુરુ ગૌતમના આશ્રમમાં જઈ તેમને બ્રહ્મવિદ્યા શીખવવા વિનંતી કરે છે, ત્યારે ગુરુ તેને તેનું ગોત્ર પૂછે છે. જાબાલિને એની ખબર નથી. તેની માને પૂછી બીજે દિવસે સવારે પાછો આવે છે. કહે છે કે માએ એમ કહ્યું કે, તું પતિ વિનાની જાબાલિને ખોળે જન્મ્યો છે - ગોત્રની ખબર નથી.

*અબ્રાહ્મણ ન હો તુમિ તાત,*
*તુમિ દ્વિજોત્તમ, તુમિ સત્યકુલજાત...*

આ શબ્દોમાં પ્રાચીન ભારતની ઉદાર દૃષ્ટિ પ્રતિબિંબિત થાય છે. ટાગોર જાણે દેશવાસીઓને કહેવા માગે છે કે, આ આપણો પ્રાચીન વારસો છે. જ્યાં બ્રાહ્મણ-અબ્રાહ્મણ એવો ભેદ ન હોય. જ્યાં સત્યની પ્રતિષ્ઠા હોય, આ વારસાથી ભારતનું ઘડતર કરવાનું છે. કાવ્યમાં આવતું આશ્રમનું ચિત્ર ટાગોરના તપોવન સંસ્કૃતિ પ્રત્યેના રાગને ઉદ્‌ઘાટિત કરે છે.

બૌદ્ધકથાઓ દ્વારા ભારતના મૂલ્યવાન વારસાને ઉઘાડી દે છે. સંગ્રહની શરૂઆતમાં જ ટાગોર કહે છે :

*હે મુનિ અતીત! કથા કઓ, કથા કઓ!*
*વિસ્મૃત યત નીરવ કાહિની, સ્થંભિત હયે બહો-*
*ભાષા દાઓ તારે...*
*તવ સંચાર શુનેછિ મર્મેર માઝખાને....*

એ અતીતના ભંડારની વાણીને ટાગોર ભાષામાં વહાવે છે. 'શ્રેષ્ઠ ભિક્ષા'માં શિષ્ય અનાથપિંડદ શ્રાવસ્તી નગરીમાં બુદ્ધ માટે ભિક્ષા લેવા નીકળ્યા છે. તે કશું લેતાં નથી, રત્નહારોય લેતા નથી. ત્યાં એક સ્ત્રી નગરને છેડે, ઝાડની આડશમાં ઊભી રહી દેહ પરનું એક વસ્ત્ર આપી દે છે, બુદ્ધ ચરણે 'સર્વસ્વ'નું સમર્પણ એ શ્રેષ્ઠ ભિક્ષા. 'સામાન્ય ક્ષતિ' (ક્ષતિ = નુકસાન)માં કાશીની રાણી પોતાના સુખ-સગવડ ખાતર ઝૂંપડાં સળગાવડાવી દે છે. નાનકડું ગામ ભસ્મીભૂત થાય છે. રાણીને એની કિંમત નથી, પણ રાજા પાસે ન્યાયનું સાચું મૂલ્ય છે. રાણીને નગર બહાર રાખી, મહેનત કરી કુટિરો ફરી બનાવવાનો આદેશ થાય છે. તો જ સમજાશે કે પેલું સામાન્ય નુકસાન નહોતું - એ જ રીતે 'પ્રતિનિધિ'માં સ્વામી રામદાસ શિવાજીને 'ભિક્ષુકનો પ્રતિનિધિ બન્યો છે માટે રાજ્ય લઈનેય તું રાજ્યવિહીન બની રહેજે' એમ કહી શિવાજીના અહમ્‌ને નિર્મૂળ કરાવે છે. 'અભિસાર'માં આમ તો કથાઘટક છે સંન્યાસી અને સુંદરીનું - ઉપગુપ્ત અને વાસવદત્તાની કથા છે, પણ આ સંન્યાસી મૂલ્યનિષ્ઠાને વરેલો છે, યૌવનમદમાં મત્ત બની નગરીની નટી અભિસારે નીકળે છે ત્યારે સંન્યાસીનો સમય આવ્યો નથી, પણ એ જ રૂપયૌવના રોગિષ્ઠ થતાં નગરવાસીઓ તેને નગર બહાર ધકેલે છે ત્યારે

*'આજિ રજનીતે હયે છે સમય*
*એસેછિ વાસવદત્તા'*

કહી ઉપગુપ્ત તેના પ્રત્યે સમભાવ દાખવી સેવા કરે છે. આમ પ્રાચીન ભારતીય મૂલ્યોનું - ગૌરવનું અનેક કાવ્યોમાં ટાગોર ગાન ગાય છે.